જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૨૧/૧૦/૨૦૨૨    શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૯૧/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮ | ૩,૪૦,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૨૪૨ લીટર દેશી દારૂ, ૪૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન, ૩ સ્કુટર અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યકિતઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૪/૨૦૨૨**

**મણીનગરઃ** નરેશભાઈ મોગજીભાઈ પટેલ (રહે. માધવ ઓર્ચીડ કાકા ભાજીપાઉની બાજુમાં એસ.પી.રિંગ રોડ ઓઢવ) એ તા.૨૦/૧૦/૨૦૨૨ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૧૧/૧૦/૨૦૨૨ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમયાન મણીનગર જય હિંદ ચાર રસ્તા ખાતે આવેલ શ્રી બાલાજી આયુર્વેદ નામની દવાની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી કાઉન્ટરના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૧,૧૮,૪૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૫/૨૦૨૨**

**રામોલઃ** કીંતુબહેન વિશાલકુમાર પટેલ (ઉ.વ.૩૮) (રહે. રાધેકૃષ્ણ રેસીડેન્સી ન્યુ મણીનગર) એ તા.૨૦/૧૦/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૨ બપોરના ૩/૩૦ થી ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રામોલ એક્સપ્રેસ હાઈવે બી.આર.ટી.એસ.બસમાં મુસાફરી કરી રહ્યા હતા દરમ્યાન અજાણી વ્યક્તિએ કીંતુબહેન પટેલની નજર ચુકવી પર્સ ચોરી કરી લીધુ હતુ. જે પર્સમાં રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૬/૨૦૨૨**

**સેટેલાઈટઃ** અંકિતકુમાર અનુપકુમાર છાજેડ (રહે. ઈસ્કોન પ્લેટીનમ બોપલ ચાર રસ્તા બોપલ) એ તા.૨૦/૧૦/૨૦૨૨ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૦/૨૦૨૨ કલાક ૬/૧૫ વાગ્યાના સુમારે એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ સેટેલાઈટ પલક એલીના સોસાયટીના બેઝમેન્ટના અલોટેડ પાર્કીંગમાં પાર્ક કરેલ પોતાની ટોયોટા કંપનીની ફોરચ્યુનર કાર નંબર જીજે ૧૮ બીજી ૮૧૦૯ કિમત રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૭/૨૦૨૨**

**દાણીલીમડાઃ** દાણીલીમડા ગુજરાત કાંટાની બાજુમાં હમીદ પ્લાસ્ટીકની ફેકટરીમાં કામ કરતા અને ત્યા જ રહેતા નાગેન્દ્રમણી ઉર્ફે ગોલુ સ/ઓ નામદેવમણી ત્રીપાઠી (ઉ.વ.૨૮) (મુળ વતન. ગામ-ડેગહર, દેંઘટ, સિધ્ધાર્થનગર ઉત્તરપ્રદેશ) તા.૨૦/૧૦/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ફેક્ટરીમાં એકસસુડર ગઢા પાડવાના મશીન પર વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૮/૨૦૨૨**

**વટવાઃ** શાહબુદીનખાન મનાનખાન પઠાણ (ઉ.વ.૪૩) (રહે. સરતાજનગર વિભાગ-૨ મરજાન ફ્લેટ પાછળ વટવા કેનાલ રોડ) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૦/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના લોખંડના હુક સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિરેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી